**કપડવંજમાં 32 લાખના સરકારી નાણાંનો ધુમાડો, ખેલાડીઓના બદલે ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય**

# કપડવંજમાં 9 વર્ષથી ધૂળ ખાતું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હવે 'ખંડેર' હાલતમાં ફેરવાયું

**પૂર્વ સાંસદ** અરુણ જેટલીની ગ્રાન્ટમાંથી નિર્મિત સંકુલ સત્તાધીશોની ઉદાસીનતાને કારણે ઉધઈનો ભોગ બન્યું


તસવીર: હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.8

કપડવંજ શહેરના યુવાનો રમતગમત ક્ષેત્રે આગળ વધી રાજ્ય અને દેશનું નામ રોશન કરે તેવા શુભ આશય સાથે લાખોના ખર્ચે નિર્માણ પામેલું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આજે વહીવટી તંત્રની ઘોર બેદરકારીનું જીવતું જાગતું ઉદાહરણ બની ગયું છે. નગરપાલિકા દ્વારા 9 વર્ષ પૂર્વે અંદાજે 32 લાખ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલું આ ઈન્ડોર સ્પોર્ટ્સ સંકુલ આજે વપરાશ વિના ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું છે અને સરકારી નાણાંનો રીતસર વેડફાટ થયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કપડવંજ શહેરના અંતિસર દરવાજા વિસ્તારમાં આવેલી તલાવડી પાસે, જિલ્લા આયોજન મંડળ હેઠળ તત્કાલીન સાંસદ અરુણ જેટલી દ્વારા ફાળવવામાં આવેલી 32 લાખની ગ્રાન્ટમાંથી આ સંકુલ તૈયાર કરવામાં આવ્યું હતું. આ ઈન્ડોર સ્પોર્ટ્સ સંકુલમાં ટેબલ ટેનિસ, કેરમ અને બેડમિન્ટન જેવી રમતો રમાડવાનો આયોજન હતું. પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, બાંધકામની ડિઝાઈનમાં જ એવી ક્ષતિઓ હતી કે કેટલીક રમતો રમાડવામાં મુશ્કેલીઓ પડતી હતી.

આમ, યોગ્ય આયોજનના અભાવે અને સત્તાવાળાઓની બેદરકારીને કારણે આ સંકુલ ક્યારેય ખેલાડીઓથી ધમધમી શક્યું નહીં અને આજે ત્યાં ઉધઈ અને ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

### યુવાધન સુવિધાથી વંચિત

એક તરફ સરકાર 'ખેલો ઈન્ડિયા' જેવા અભિયાનો દ્વારા રમતગમતને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે બીજી તરફ તૈયાર થયેલી સુવિધાઓની જાળવણીના અભાવે કપડવંજનું યુવાધન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હોવા છતાં તેનો લાભ લઈ શકતું નથી. જો તંત્ર દ્વારા આ સંકુલની યોગ્ય મરામત કરી તેને ફરી કાર્યરત કરવામાં આવે તો જ સ્થાનિક ખેલાડીઓને ન્યાય મળી શકે તેમ છે.

# આણંદના ઓડની બંને ચોકડી પર સ્પીડ બ્રેકર મૂકવા માંગ

**વાસદ-ઉમરેઠ સ્ટેટ** હાઇવે પર બેફામ દોડતા વાહનોને કારણે અકસ્માતોની વણઝાર



(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદ જિલ્લાના ઓડ નગર પાસેથી પસાર થતા વ્યસ્ત વાસદ-ઉમરેઠ સ્ટેટ હાઈવે પર ટ્રાફિકની ગંભીર સમસ્યા અને સતત સર્જાતા અકસ્માતોને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નગરની બંને મુખ્ય ચોકડીઓ પર ગતિ અવરોધકો (સ્પીડ બ્રેકર) ના હોવાને કારણે વાહનચાલકો પુરઝડપે વાહનો હંકારે છે, જેના પરિણામે નિર્દોષ નાગરિકો અને વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા છે.

આ અંગે ઓડ નગરના રહીશોના જણાવ્યા અનુસાર, આ સ્ટેટ હાઈવે પર ભારે વાહનોની સતત અવર-જવર રહે છે. ખાસ કરીને દર પૂનમે વડોદરા તરફથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ ડાકોર દર્શનાર્થે આ માર્ગ પરથી પસાર થાય છે, જેના કારણે ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે વધી જાય છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં, માર્ગ અને મકાન વિભાગ દ્વારા નગરની બંને મુખ્ય ચોકડીઓ પર ન તો કોઈ મોટું સર્કલ બનાવવામાં આવ્યું છે કે ન તો સ્પીડ બ્રેકર મૂકવામાં આવ્યા છે.

સ્પીડ બ્રેકરના અભાવે વાહનો અત્યંત ઝડપે પસાર થાય છે, જે રોડ ક્રોસ કરતા સ્થાનિકો, રાહદારીઓ અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. તાજેતરમાં જ આ ચોકડીઓ પર ગંભીર અકસ્માતો સર્જાયા છે, જેમાં વાહનચાલકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આથી, જિલ્લા વહીવટી તંત્ર સત્વરે સ્પીડ બ્રેકર મુકવાની તકેદારી લે તેવી લોકમાંગ ઉઠી છે.

# ચરોતર બ્રહ્મસમાજ દ્વારા 'સમૂહ જનોઈ' યોજાશે

**મહેળાવ ખાતે 29મી** માર્ચે યોજાનારા સમૂહ જનોઇમાં રાજ્યભરના ભૂદેવો જોડાઇ શકશે

(પ્રતિનિધિ) આણંદ તા.8

સમસ્ત આણંદ જિલ્લા બ્રહ્મસમાજ અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ-ખેડા જિલ્લાના સંયુક્ત ઉપક્રમે 29મી માર્ચના રોજ મહેળાવ સ્થિત બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે 'તૃતીય સમૂહ જનોઈ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ચરોતરના મધ્યમવર્ગીય પરિવારોને ખર્ચમાંથી બચાવી શાસ્ત્રોક્ત વિધિથી બટુકોને યજ્ઞોપવિત આપી શકાય તેવા શુભ આશયથી બ્રહ્મસમાજના અગ્રણીઓ દ્વારા આ ભવ્ય આયોજનની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ અગાઉ પીપળાવ અને ગોકુલધામ નાર ખાતે યોજાયેલા બે સમૂહ જનોઈ કાર્યક્રમોમાં અંદાજે 158થી વધુ બટુકોએ જનોઈ ધારણ કરી હતી. આ સફળતાને પગલે હવે મહેળાવ ખાતે આ ત્રીજો કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે.

આ સમૂહ જનોઈમાં રાજ્યના કોઈપણ ખૂણેથી ભૂદેવો પોતાના બટુકો માટે લાભ લઈ શકશે. આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા બટુકોના વાલીઓએ વહેલી તકે રજીસ્ટ્રેશન ફોર્મ ભરીને પોતાનું નામ નોંધાવી લેવા જણાવાયું છે. વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે સંસ્થાના હોદ્દેદારો હરેન્દ્ર પંડ્યા (99244 36610), અમરિતભાઈ ત્રિવેદી (94095 24809), દિનેશભાઈ ભટ્ટ (93774 65099)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

**બે વર્ષ પૂર્વે લાખોના ખર્ચે તૈયાર થયેલો સંપ 'શોભાના ગાંઠીયા' સમાન**

# મહુધાના સિંધાલી ગામમાં પાણીના સંપ ફરતે કચરાના ઢગલા ખડકાયા

**ગંદા પાણીના** ભરાવાને કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ



(પ્રતિનિધિ) નડિયાદ તા.8

મહુધા તાલુકાના સિંધાલી ગામમાં પાણી પુરવઠા યોજના અંતર્ગત લાખો રૂપિયાના ખર્ચે પીવાના પાણી માટે બનાવવામાં આવેલો સંપ હાલ ગંદકીના સામ્રાજ્ય વચ્ચે ઘેરાયેલો જોવા મળી રહ્યો છે. આ સંપની આજુબાજુમાં ગટરના ગંદા પાણી અને કચરાના ગંજ ખડકાતા સ્થાનિકોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સિંધાલી ગામમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા બે વર્ષ પહેલા લાખો રૂપિયાના ખર્ચે પીવાના પાણીની સુવિધા માટે આ સંપનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, હાલની સ્થિતિએ આ સંપની આસપાસ ઊંડા ખાડાઓમાં ગટરના ગંદા પાણી ભરાયેલા રહે છે અને ચારેતરફ કચરાના ઢગલા જામ્યા છે. આ ગંદકીને કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી સ્થાનિક રહીશોનું જીવવું મુશ્કેલ બન્યું છે. ગંદકીના કારણે મચ્છરો અને અન્ય જીવાતોનો ઉપદ્રવ વધતા ગામમાં ગંભીર રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. લાખોના ખર્ચે બનેલી આ સુવિધા હાલ તંત્રની ઘોર બેદરકારીને કારણે માત્ર 'શોભાના ગાંઠીયા' સમાન બની રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ગ્રામજનોમાં એવી લાગણી વ્યાપી છે કે સત્તાધીશો વહેલી તકે આળસ ખંખેરીને સંપ ફરતે જામેલી ગંદકી અને કચરાની સાફ-સફાઈ કરાવે જેથી લોકોના સ્વાસ્થ્યની જાળવણી થઈ શકે.

# બટાકાની આડમાં રહેલો બીયરનો જથ્થો ઝડપાયો

**વસો પોલીસે** ચાલકની ધરપકડ સાથે કુલ 9.54 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

વસો પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે પલાણા ગામની સીમમાં મોટી કેનાલ પાસે વોચ ગોઠવી, બટાકાના થેલા નીચે સંતાડીને લઈ જવાતો 2,496 નંગ બીયરના ટીનનો જથ્થો ઝડપી પાડ્યો છે.

વસો પોલીસને બાતમી મળી હતી કે, છઠ્ઠા માઈલ બ્રિજ તરફથી એક બોલેરો પીકઅપ ડાલું વિદેશી દારૂ ભરી પલાણા તરફ આવી રહ્યું છે. આ અંગે પોલીસની વોચ દરમિયાન બાતમી મુજબનું ડાલું આવતા પોલીસે તેને થોભવા ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે વાહન ભગાડ્યું હતું. પોલીસે આ ડાલાનો પીછો કરી તેને પલાણા-બામરોલી કેનાલ રોડ પર કોર્ડન કરી ઉભું રખાવ્યું હતું. ડાલાની કેબિનમાંથી દિનેશલાલ કૈલાશજી કછાવા (રહે. ઝાલાવાડ, રાજસ્થાન) નામનો શખ્સ ઝડપાઈ ગયો હતો.

જ્યારે પોલીસે ડાલાની તપાસ કરતા ઉપરના ભાગે બટાકા ભરેલા પ્લાસ્ટિકના થેલા હતા, પરંતુ તેની નીચે પૂંઠાના બોક્સ વ્યવસ્થિત ગોઠવેલા મળી આવ્યા હતા. જેની તપાસ દરમિયાન તેમાંથી કિંગ ફિશર બીયરના ટીન ભરેલા 104 બોક્સ મળી આવ્યા હતા. પોલીસે રૂ.5,49,120ની કિંમતના કુલ 2,496 નંગ બીયરના ટીન, રૂ.4 લાખનું વાહન અને મોબાઈલ મળી કુલ રૂ. 9,54,120નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે કેક અને ચોકલેટ બનાવવાની વર્કશોપ યોજાઈ



**આણંદ |** મણિબેન પટેલ વિમેન્સ સ્ટડીઝ સેન્ટર દ્વારા અનુસ્નાતક હોમ સાયન્સ વિભાગમાં 25થી વધુ વિદ્યાર્થીઓ માટે વિશેષ તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગની જ વિદ્યાર્થીનીઓ દ્વારા સહપાઠીઓને વિવિધ પ્રકારની કેક અને ચોકલેટ બનાવવાની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. વર્કશોપનો મુખ્ય હેતુ સ્કીલ ડેવલપમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વરોજગારની તકો અને ઉદ્યોગસાહસિકતાનો વિકાસ કરવાનો હતો. કુલપતિ પ્રો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સમગ્ર કાર્યક્રમ હોમ સાયન્સ વિભાગના સહયોગથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### સંતરામપુર ડાયટ ખાતે વાર્ષિકોત્સવ અને લોકડાયરાનું ભવ્ય આયોજન કરાયું



**સંતરામપુર |** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુરના પીએસટીઇ વિભાગ દ્વારા વાર્ષિકોત્સવ અને 'એક શામ શિક્ષક કે નામ' લોકડાયરાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના તેજસ્વી તાલીમાર્થીઓ, શત-પ્રતિશત હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ અને ટેટ-1 પાસ કરનાર સાતનું સન્માન કરાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તાલીમાર્થીઓએ વિવિધ નૃત્ય, કવાલી અને સામાજિક જનજાગૃતિલક્ષી નાટકો રજૂ કર્યા હતા, જેમાં મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન દ્વારા પ્રેરણા પૂરી પાડી હતી. આ કાર્યક્રમના અંતે લોકગાયક તારસિંહ તડવીના સૂર અને ગૌરાંગભાઈ ભોઈના હાસ્ય સાહિત્ય પીરસ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### તારાપુરના દુગારી ગામે ધારાસભ્ય વિપુલભાઈ પટેલના હસ્તે 'સેવા સેતુ'ના લાભોનું વિતરણ



**તારાપુર |** તારાપુર તાલુકાના દુગારી ગામે ગુજરાત સરકાર આયોજિત સેવા સેતુ 2.0 કાર્યક્રમ સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે ધારાસભ્યના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને જરૂરી પ્રમાણપત્રો અને કાર્ડ અર્પણ કરીને તેઓને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ સંગઠનના હોદ્દેદારો અને વિવિધ સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સ્થાનિક ગ્રામજનોએ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરકારના આ લોકાભિમુખ સેવા સેતુ અભિયાનનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

### આણંદના ગામડીમાં ઘરેલું હિંસા અને મહિલા સુરક્ષા કાયદા અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો




**આણંદ |** જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ગામડીની સી.ડી.એસ. સંસ્થા ખાતે મહિલાલક્ષી કાયદાકીય જાગૃતિ માટે વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિકારીઓ દ્વારા મહિલાઓને ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અને દહેજ પ્રતિબંધક ધારાની કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા સહાય, પોક્સો એક્ટ અને 'ગુડ ટચ-બેડ ટચ' જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું હતું. સી.ડી.એસ. સંસ્થાના સહયોગથી સેમિનાર યોજાયો હતો.

### આણંદમાં જિલ્લા કક્ષાની 'બાલિકા પંચાયત' પ્રશિક્ષણ તાલીમ યોજાઈ



**આણંદ |** આણંદમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જિલ્લા પંચાયત ખાતે ત્રિ-દિવસીય 'બાલિકા પંચાયત' પ્રશિક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર્સ દ્વારા કિશોરીઓના જીવન કૌશલ્ય, બાળ અધિકારો અને જેન્ડર સમાનતા જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું હતું. આ અનોપચારિક મંચનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક નિર્ણય પ્રક્રિયામાં દીકરીઓની ભાગીદારી વધારી લૈંગિક સમાનતાને પ્રોત્સાહન આપવાનો છે.

### કપડવંજની એસસી દાણી વિદ્યાલયમાં 'સિલ્વર સ્ક્રીન' પાઠ અંતર્ગત ફિલ્મ નિર્માણના પાઠ ભણાવાયા



**કપડવંજ |** એસ.સી. દાણી વિદ્યાલયમાં ધોરણ-8ના 'સિલ્વર સ્ક્રીન' પાઠના અભ્યાસને જીવંત બનાવવા માટે ફિલ્મ ક્ષેત્રના નિષ્ણાતો કૃણાલભાઈ પટેલ અને હરીશભાઈ થદાણી સાથે વિશેષ માર્ગદર્શન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને ફિલ્મ નિર્માણની પ્રક્રિયા, દિગ્દર્શન, સ્ક્રિપ્ટ રાઈટિંગ અને ટીમવર્કનું મહત્વ સમજાવી આ ક્ષેત્રમાં રહેલી રોજગારીની વિવિધ તકો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમના અંતે નિષ્ણાતો દ્વારા યોગ્ય વિદ્યાર્થીઓને શોર્ટ ફિલ્મમાં કામ કરવાની તક આપવાની જાહેરાત કરાતા વિદ્યાર્થીઓમાં ભારે આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

### કપડવંજમાં ભાજપના નવનિયુક્ત જિલ્લા પ્રભારીની અધ્યક્ષતામાં પરિચય બેઠક યોજાઈ




**કપડવંજ |** ખેડા જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રભારી રમેશભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં કપડવંજ વિધાનસભા વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારોની એક મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ દેવુસિંહજી ચૌહાણ, ધારાસભ્ય રાજેશભાઇ ઝાલા અને પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભી સહિતના વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી સંગઠનાત્મક બાબતો પર ચર્ચા કરી હતી. આ પ્રસંગે એપીએમસી ચેરમેન ધવલભાઈ પટેલ તથા જિલ્લા અને તાલુકાના વિવિધ પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને પક્ષના સંકલનને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

### સીવીએમ યુનિવર્સિટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી



**આણંદ |** વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 400થી વધુ મહિલા અધ્યાપકો અને કર્મચારીઓને ફૂલ, ચોકલેટ અને શુભેચ્છા પત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. બ્રાન્ડિંગ ટીમના હેડ એના વિનોચાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં મહિલા શક્તિને બિરદાવવા માટે તેમના ટેબલ પર અચાનક સરપ્રાઈઝ ભેટ મૂકવામાં આવી હતી. આ નવતર પહેલથી તમામ મહિલા કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી અને શૈક્ષણિક જગતમાં પણ આ પ્રયાસની પ્રશંસા થઈ રહી છે.

### એસ.જી. પટેલ હોસ્પિટલ ખાતે આંતરરાષ્ટ્રીય શ્રવણ દિને નિ:શુલ્ક કાન નિદાન કેમ્પ યોજાયો



**આણંદ |** સીવીએમ સંચાલિત એસ.જી. પટેલ હોસ્પિટલમાં ચેરમેન ભીખુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાનના વિવિધ રોગો માટે મફત તપાસ કેમ્પ યોજાયો હતો. ડો. વિમલ પંચાની અને ટીમ દ્વારા બહેરાશ, કાનમાં અવાજ અને ચક્કર જેવી તકલીફોનું નિદાન કરી મફત દવાઓનું વિતરણ કરાયું હતું. આ કેમ્પમાં દર્દીઓને નિષ્ણાત ડોક્ટરોનું માર્ગદર્શન મળ્યું હતું અને વિવિધ થેરાપીઓ પર 10 ટકા ડિસ્કાઉન્ટની રાહત આપવામાં આવી હતી. હોસ્પિટલ સ્ટાફના સહયોગથી યોજાયેલા આ સેવાકીય કાર્યમાં કુલ 59 દર્દીઓએ જોડાઈને આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.

### સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે મહિલા દિવસ નિમિત્તે 'નારી રત્ન એવોર્ડ' અર્પણ કરાયા



**આણંદ |** વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના વુમન્સ સેલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર મહિલાઓને 'મણિબેન પટેલ નારી રત્ન એવોર્ડ-2026' થી સન્માનિત કરવામાં આવી હતી. કુલપતિ ડો. નિરંજન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં મહિલા સશક્તિકરણ પર આધારિત સંશોધન લેખોના પુસ્તક Her વિશ્લેષણનું વિમોચન અને 'વુમન લીડિંગ ધ વર્લ્ડ' વિષય પર પેનલ ડિસ્કશન પણ યોજાયું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ઇરમાના પ્રો. માધવી મહેતા અને જસ્ટિસ એસ. વી. પિંટોએ નારી શક્તિના યોગદાનને બિરદાવ્યું હતું.

### ખેડામાં 'ગૃહ લક્ષ્મી સ્વાભિમાન અભિયાન' અંતર્ગત મહિલા દિવસની ઉજવણી કરાઇ



**ખેડા |** ખેડાના સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં તેરાપંથ મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે વિશેષ NGO મીટ અને સંવાદ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના અધ્યક્ષ રીંકુબેન બાબેલે જણાવ્યું હતું કે નારી માત્ર પરિવારની આધારશિલા જ નથી, પરંતુ તે સમાજ અને રાષ્ટ્ર નિર્માણની પ્રેરણાદાયી શક્તિ પણ છે. આ પ્રસંગે સામાજિક કાર્યકર નીતિનભાઈ શર્મા, યોગા કોઓર્ડિનેટર રાનીબેન ઠાકરે અને દીક્ષા માટે સંમતિ આપનાર રશ્મિબેન ભાવસારનું સન્માન કરાયું હતું.